# સૌરાષ્ટ્ર, દક્ષિણ ગુજરાતના વિવિધ વિસ્તારોમાં વરસાદ

## દિવાળી તાકડે સૌરાષ્ટ્રમાં વરસાદની આગાહી : કમોસમી વરસાદથી મગફળી પાકને ભારે નુકસાનથી ખેડૂતો ચિંતિત

અમદાવાદ, તા.૨૨

ગુજરાતના જુદા જુદા વિસ્તારોમાં ભારે વરસાદ હજુ પણ જારી રહ્યો છે. વરસાદી માહોલના કારણે ચિંતાનું મોજુ ફરી વળ્યું છે. ખાસ કરીને મગફળીના પાકને ભારે નુકસાન થયું છે. પાકને નુકસાનના કારણે ખેડૂતો ચિંતાતુર દેખાઈ રહ્યા છે. દિવાળી આસપાસ પણ વરસાદ જારી રહેવાની શક્યતા વ્યક્ત કરવામાં આવી રહી છે. બીજી બાજુ હવામાન વિભાગે કહ્યું છે કે, અમદાવાદમાં પણ આંશિક વાદળછાયુ વાતાવરણ રહી શકે છે. હળવા વરસાદી ઝાપટા હજુ કેટલાક દિવસ સુધી દક્ષિણ ગુજરાત, ઉત્તર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં જારી રહી શકે છે. હવામાન ખાતાની આગાહી મુજબ, આજે મેઘરાજાએ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના પંથકોમાં જોરદાર ધડબડાટી બોલાવી હતી. ખાસ કરીને સુરત, અમરેલી, પોરબંદર, ઘેડ, જૂનાગઢ, કેશોદ, ગીર-સોમનાથ, તાલાલા ગીર સહિતના અનેક પંથકોમાં ભારેથી અતિ ભારે વરસાદ નોંધાયો હતો. ખાસ કરીને સુરતમાં મેઘરાજાએ જોરદાર તોફાની એન્ટ્રી મારી હતી, જેના કારણે ઉધના, અડાજણ, અઠવાલાઈન્સ, કામરેજ, પલસાણા, પીપલોદ, વેસુ, નનાપુરા સહિતના મોટાભાગના વિસ્તારોમાં ભારે પાણી ભરાઈ ગયા હતા અને વરસાદના કારણે સ્થાનિક જનજીવન ઘમરોળાઈ ગયુ હતુ. હજુ પણ સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના પંથકોમાં બે દિવસ વરસાદની આગાહી કરાઈ છે તો, ખાસ કરીને સૌરાષ્ટ્રમાં તો દિવાળી તાકડે વરસાદ વરસવાની આગાહી હવામાન વિભાગે કરતાં સૌરાષ્ટ્રવાસીઓમાં નિરાશાની લાગણી પ્રસરી ગઈ છે. બીજીબાજુ, સૌરાષ્ટ્ર અને દક્ષિણ ગુજરાતના પંથકોમાં ભારેથી અતિ ભારે વરસાદ નોંધાતા સ્થાનિક ખેડૂતો ઉંડી ચિંતામાં ગરકાવ બન્યા હતા કારણ કે, તેમના ઉપાડેલી મગફળીના પાકને મોટાપાયે નુકસાન અને પાક ધોવાઈ જવાની સ્થિતિ બની છે. અરબી સમુદ્રમાં સક્રિય લો પ્રેશર સીસ્ટમનાં કારણે હવામાન વિભાગ દ્વારા કરાયેલી ગીર સોમનાથ, તાલાલા ગીર, દીવ, અમરેલી, રાજુલા, ધારી, પોરબંદર, જૂનાગઢ, કેશોદ, સુરત સહિતના અનેક પંથકોમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો, જેના કારણે નીચાણવાળા વિસ્તારોમાં વરસાદી પાણી ભરાઈ ગયા હતા. જેને લઈને સમગ્ર વાતાવરણમાં ઠંડક પ્રસરી કરી હતી. શહેરના સુરતના અડાજણ, અઠવાલાઈન્સ, પીપલોદ, વેસુ, નનાપુરા, ઉધના સહિત મોટા ભાગના વિસ્તારોમાં હળવાથી ભારે વરસાદી ઝાપટાં પડ્યા હતા. જેના કારણે સુરતના મોટાભાગના વિસ્તારોમાં વરસાદી પાણી ફરી વળ્યા હતા. બીજીબાજુ, અમરેલીના ધારીના ચલાલા રોડ ખોડિયાર મંદિર પાસે એક ખેડૂત પર વીજળી પડી હતી. વાડીમાં પાલો ભરાત સમયે ઘનશ્યામભાઈ મન્સારામ પર વીજળી પડી હતી. જેથી તેને તાત્કાલીક સારવાર માટે સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યાં હતા. આ જ પ્રકારે સાવરકુંડલાના ગામડાઓમાં પણ ધોધમાર વરસાદ પડતા સમગ્ર વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ હતી. સાવરકુંડલાના બાઢડા વચ્ચે ધોધમાર વરસાદથી મગફળીના પાથરાઓ પલળી ગયા છે અને ખેડૂતોની મહેનત પર પાણી ફરી વળ્યું છે. ખેડૂતોના ઉભા પાક સાથે મગફળીના પાકને વ્યાપક નુકસાન થયું છે. આમ અમરેલી દિવાળીના તહેવાર સમયે જ જિલ્લાભરમાં વરસાદી માહોલ જામ્યો છે. ધારીનાં ચલાલા વાવડી, ગરમલી, ચરખા સહિતના વિસ્તારમાં વરસાદ પડ્યો હતો. અમરેલીના ખાંભામાં પણ વરસાદ પડતા ખેડૂતોના પાકને નુકસાન પહોંચ્યું છે. હાલ માવઠાથી ઉપાડેલી મગફળીના પાકને નુકસાન થાય તેવી ખેડૂતોમાં ચિંતા જોવા મળી રહી છે. હાલમાં ખેડૂતો શિયાળુ પાકની તૈયારી કરતાં હોય છે. ત્યારે ખેડૂતોનાં માથે ફરી ચિંતાના વાદળો ઘેરાવા લાગ્યા છે. આ પહેલા લીલા દુષ્કાળને કારણે પણ ઘણો પાક નિષ્ફળ ગયો છે. ત્યારે હવામાન વિભાગ દ્વારા સૌરાષ્ટ્રના ગીર સોમનાથ, અમરેલી અને ભાવનગર સહિતના પંથકોમાં દિવાળી તાકડે પણ વરસાદની અસર રહેશે તેવી આગાહી કરવામાં આવી છે, જેને પગલે ખેડૂતઆલમમાં બહુ મોટી ચિંતાની લાગણી પ્રસરી છે.

# પ્રાંતિજના ઓરાણ ખાતે ગેર કાયદેસર ખનીજ ચોરી

## ખનીજ માફિયાઓ દ્વારા નદીમાં કોતરો તોડી ગેરકાયદેસર પુલ બનાવવામાં આવ્યો છે

પ્રાંતિજ, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજના ઓરાણ ખાતે છેલ્લા કેટલાય દિવસથી રેતી માફીયાઓ દ્વારા બેરોકટોક ગેરકાયદેસર રેતી ખનન ચાલી રહ્યું છે તો બીજી તરફ નદીમાં આવવા જવા માટે ગેરકાયદેસર ડુંગરોની કોતરો કોતરી માંગ બનાવવામાં આવ્યો છે.

ઓરાણ ખાતે રેતી માફીયાઓ જાણે કોઈની પણ પરવા કર્યા વગર રાત-દિવસ બિન્દાસપણે રેતીનુ કરોડો રૂપિયાનું ખનન થઈ રહ્યું છે, તો બીજી તરફ નદીમાં વચ્ચોવચ્ચ પર્યાવરણ અને કુદરતી સંપત્તિ ડુંગરોને કોતરોની માટી લઈને નદીમાં પુલ બનાવવામા આવ્યો છે. પાણીનો પ્રવાહ વધારે રહેતા પુલ ધોવાઈ જાય છે અને અનેક ડુંગરોની માટી કોતરી પુલ બનાવવામા આવે છે. રેતી માફીયાઓ દ્વારા વગર મજુરીએ પુલ બનાવવામા આવે છે, આ અંગે ઓરાણના પૂર્વ સરપંચ કરામતઅલી બાકરઅલી સૈયદ દ્વારા અનેકવાર તંત્રમાં રજુઆતો કરવા છતાં આજ દિન સુધી તંત્રમાંથી કોઈ પણ અધિકારી ડોક્યુ કરવા પણ આવ્યું નથી અને કોઈપણ પ્રકારની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી નથી. હાલ તો ખનીજ ચોરી સહિત ડુંગરો કોતરી પર્યાવરણને પણ નુકસાન થતું હોવા છતાં હાલ જવાબદાર તંત્ર દિવાળીની મીઠાઈનો મેણો ચડયો હોય તેવું હાલ તો સ્પષ્ટ પણે જણાઈ આવે છે.




**ખેડબ્રહ્મા તાલુકાના ખેડવામાં વય નિવૃત્તિ સન્માન સમારોહ યોજાયો**

ખેડબ્રહ્મા તાલુકાની ખેડવા ગામે આવેલ એકલવ્ય ઉત્તર બુનિયાદિ વિદ્યાવિહાર અને સરકારી ઉ.મા શાળાના મુ.શી. જેઠાજી હગરાજી પરમાર વય નિવૃત્ત થતા હોય તેમનો વિદાય સમારંભ સ્કૂલ ખાતે યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે પરોય હાઈસ્કૂલના નિવૃત આચાર્ય કે.સી. પટેલ ઉપસ્થિત રહયા હતા. આ ઉપરાંત સેવા નિકેતન ટ્રસ્ટના મંત્રી શંકરભાઈ પાંડોર, ભંવરસિંહ ચંદાવત સહિત જેઠાભાઈનો પરિવાર, શાળાના બાળકો, સ્ટાફ અને ગામજનો ઉપસ્થિત રહ્યા હતા. ઉપસ્થિત મહેમાનોએ જેઠાભાઈને નિવૃત્ત જીવન સખુમાય નીવડે તેવી શુભકામનાઓ પાઠવી મોમેન્ટો અને શ્રીફળ અને શાલ આપી વિદાય પાઠવી હતી.

# વડગામ તાલુકા પંચાયતની સામાન્ય સભા યોજાઈ

વડગામ તાલુકા પંચાયતની સામાન્ય સભા યોજાઈ હતી. સભામાં તાં.પ.ની શિક્ષણ શાખાનું રીનોવેશન કરવા અને વિવિધ ગ્રાંટોની ચર્ચા કરવામાં આવી હતી.

વડગામ તાલુકા પંચાયતની સોમવારે સામાન્ય સભા યોજાઈ હતી. જેમાં તાલુકા પંચાયતની શિક્ષણ શાખાનુંરિનોવેશન કરવા પિરોજપુરા સરપંચનું રાજીનામું મંજૂર કરવા ચર્ચાઓ કરવામાં આવી હતી. મેમદપુર બેઠકના તા.પં. સદસ્ય રાજેન્દ્રસિંહ રાઠોડ દ્વારા તાલુકાના ગામોમાં અને મેમદપુરમાં આવેલી જર્જરિત આંગણવાડી અંગેની માહિતી મંગાવી નવી બનાવવા માટે રજુઆત કરી હતી. મેતા બેઠકના સદસ્ય યુનુસભાઈ મન્સુરી દ્વારા ગામમાં રસ્તો બનાવવાની રજૂઆત કરવામાં આવી હતી. વડગામ તાલુકાના કેટલાક ગામડાઓમાં પ્રધામંત્રી આવાસ યોજનાના ઘર મંજૂર થયા છે પણ પ્લોટો હજુ ન મળ્યા હોવાની રજૂઆતો સદસ્યોએ કરી હતી. સામન્ય સભામાં તા.પ.ના પ્રમુખ રાબિયાબેન, ઉપપ્રમુખ, ટી.ડી.ઓ. એ.એચ. પરમાર, તા.પ. અધ્યક્ષ તેમજ તાલુકા પંચાયતના સદસ્યો હાજર રહ્યા હતા.

## અરવલ્લી જિલ્લામાં મામલતદાર કચેરીમાં કામ કરતા સફાઈ કામદારોની મૂંઝવણ

# દિવાળી કઈ રીતે મનાવવી આઠ મહિનાથી પગાર વિહોણા

મોડાસા, તા. ૨૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના સ્વચ્છ ભારત મિશનનમાં સૌથી મહત્વનો ફાળો છે એવા સફાઈ કામદારોની સમગ્ર દેશમાં દયનિય હાલત છે. ગુજરાતમાં સરકારી કચેરીઓમાં આઉટસોર્સીંગ હેઠળ સફાઈ કામદાર તરીકે ફરજ બજાવતા કર્મચારીઓનું ખાનગી કોન્ટ્રાકટ ધરાવતી એજન્સીઓ શોષણ કરી રહી છે. અરવલ્લી જિલ્લાની મામલતદાર કચેરીઓમાં કામ કરતાં સફાઈ કામદારોને આઠ મહિનાથી પગાર ન મળતા જીલ્લા કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરને આવેદનપત્ર ન્યાયની માંગ કરી હતી.

અરવલ્લી જિલ્લાના ધનસુરા, માલપુર, બાયડ અને ભિલોડા તાલુકાની મામલતદાર કચેરીઓની સાફ-સફાઈ કરતા કર્મચારીઓની દિવાળી આ વખતે બગડે તેવા એંધાણ દેખાઈ રહ્યા છે. આવેદનપત્ર મુજબ આ તમામ તાલુકાઓમાં સફાઈ કામદારોને છેલ્લા આઠ મહિનાથી પગાર નથી



થયો જેને લઈને આ તમામ કર્મચારીઓના પરિવાર પર જાણે આભ તૂટી પડ્યું હોય તેવું લાગી રહ્યું છે.

ગુજરાત વાલ્મીકિ સંગઠનના પ્રમુખ લાલજી ભગતના જણાવ્યા મુજબ જિલ્લાની વિવિધ મામલતદાર કચેરીઓમાં અંદાજે બસો જેટલા સફાઈ કર્મચારીઓ કામ કરી રહ્યા છે. જોકે આ તમામ કર્મચારીઓને તહેવાર સમયે જ પગાર ન થતાં પરિવારનું ગુજરાન કેમ ચલાવવું અને તહેવારની ઉજવણી કરવી કે નહીં તે ચિંતા સતાવી રહી છે. એટલું જ નહીં જો સફાઈ કામદારોનો પગાર નહીં થાય તો ઉગ્ર આંદોલન કરવાની ચિંમકી પણ ઉચ્ચારવામાં આવી છે.

# જામનગરમાં ડેંગ્યુથી છ વર્ષની બાળા સહિત બેના મોત થયા

## રાજકોટમાં કોર્પોરેટર દંપતી હોસ્પિટલમાં દાખલ : જામનગરમાં ચાલુ સિઝનમાં ડેન્ગ્યુથી મૃત્યુઆંક ૧૭ ઉપર પહોંચ્યો : એક દિવસમાં જામનગરમાં ૯૯ પોઝિટીવ કેસ

અમદાવાદ, તા.૨૨

સૌરાષ્ટ્રમાં સૌથી વધારે ડેન્ગ્યુની એસર જામનગર જિલ્લામાં જોવા મળી રહી છે અને ત્યાં ડેન્ગ્યુએ ભારે હાહાકાર મચાવ્યો છે. પરિસ્થિતિ એવી છે કે, જામનગરની જીજી હોસ્પિટલમાં ડેન્ગ્યુને કારણે બેડ પણ ખૂટી પડ્યા છે અને દર્દીઓને નીચે જમીન પર સારવાર લેવાની ફરજ પડી રહી છે. ડેન્ગ્યુને ઝપેટમાં રેસીડેન્ટ ડોક્ટરો પણ આવી ચૂક્યા છે. ત્યારે આજે જામનગરના ખાખીનગર વિસ્તારમાં રહેતી છ વર્ષની બાળકી ભૂમિ નંદાણીયાનું ડેન્ગ્યુની સારવાર દરમ્યાન મોત નીપજ્યું છે. તો, બીજી તરફ રાજકોટના કોર્પોરેટર વિજય વાંક અને તેમની પત્ની પણ ડેન્ગ્યુ થતા ખાનગી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા અને સારવાર હેઠળ છે. ધ્રોલના તબીબ પુત્રનું પણ આજે રાજકોટ ખાતે ડેન્ગ્યુના કારણે મૃત્યુ નીપજતા આરોગ્ય વિભાગની ઉંઘ ઉડી ગઈ છે અને તંત્ર દોડતુ થયુ છે.

તો, ધોરાજી નગરપાલિકાના પૂર્વ પ્રમુખનું પણ ડેન્ગ્યુના કહેરમાં મોત નીપજતાં પંથકમાં ભારે ચકચાર મચી ગઈ હતી. જામનગર શહેર સહિત જિલ્લાભરમાં દિન પ્રતિદિન વકરતા ડેન્ગ્યુનો જીવલેણ મુકામ હજુ પણ યથાવત રહ્યો છે. જેમાં સોમવારે ડેન્ગ્યુનો ભોગ બનેલા એક યુવાનનું સારવારમાં મૃત્યુ નીપજ્યુ હતુ. જેના પગલે ચાલુ સીઝનનો ડેન્ગ્યુથી મૃતાંક ૧૭ પર પહોંચ્યો છે. બીજી બાજુ સપ્તાહના પ્રારંભે પણ ડેન્ગ્યુના વધુ ૯૯ પોઝિટિવ કેસો સામે આવ્યા છે. તમામ દર્દીઓને જી.જી.હોસ્પિટલમાં સઘન તબીબી સારવાર આપવામાં આવી રહી છે. જ્યારે ડેન્ગ્યુગ્રસ્ત ૫૩ દર્દીઓ પુનઃ સ્વસ્થ થતા તેમને જી.જી.હોસ્પિટલમાંથી રજા પણ આપવામાં આવી હતી. ત્રણ દિવસ પહેલા જામનગરની એમ.પી. શાહ મેડિકલ કોલેજમાં એમબીબીએસનો અભ્યાસ કરતી વિદ્યાર્થીનું અમદાવાદ ખાતે ડેન્ગ્યુથી મોત નીપજ્યું હતું. જામનગર અને દેવભુમિ દ્વારકા જિલ્લામાં ચાલુ વર્ષે રોગચાળા ખાસ કરી ડેન્ગ્યુની બિમારીએ માઝા મૂકી છે.

છેલ્લા ત્રણેક સપ્તાહથી ડેન્ગ્યુનો રોગ વકરતા ખાસ કરીને સરકારી હોસ્પિટલમાં રોજીંદા નોંધપાત્ર સંખ્યામાં દર્દીઓ સામે આવી રહ્યા છે. સોમવારે જામનગરની જી.જી.હોસ્પિટલમાં ડેન્ગ્યુની સારવારમાં રહેલા ભીમરાણાના અરજણભાઈ નાગેશ (ઉ.વ.૪૫) નામના યુવાનનું મૃત્યુ નીપજ્યુ હોવાનું જાહેર થયું હતું. હાલ સરકારી હોસ્પિટલમાં ડેન્ગ્યુના ૨૦૦ જેટલા દર્દીઓ સારવાર હેઠળ હોવાનું સુત્રોએ જણાવ્યું હતુ.

# ઓઢવમાં ડોકટર ઉપર ફાયરિંગ કરનાર વિપુલ વ્યાસની ધરપકડ

અમદાવાદ, તા.૨૨

અમદાવાદ શહેરના ઓઢવ વિસ્તારમાં પાણીની ટાંકી પાસે આજે સાંજે અજાણ્યા શખ્સોએ ડો. મુકેશ પ્રજાપતિ પર અચાનક જ ફાયરીંગ કરી હત્યાનો પ્રયાસ કરવાના ચકચારભર્યા પ્રકરણમાં ઓઢવ પોલીસે આરોપી વિપુલ વ્યાસની ધરપકડ કરી લીધી હતી. આ સમગ્ર પ્રકરણમાં સગર્ભા પત્નીના મોતનું મનદુઃખ રાખી આરોપીએ ડોકટર પર ફાયરીંગ કર્યુ હોવાની વાત સામે આવી રહી છે. પોલીસે આરોપી વિપુલ વ્યાસની ધરપકડ કરી તેની વિરૂધ્ધ હત્યાની કોશિશનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પોલીસે આરોપી ફાયરીંગ માટેની રિવોલ્વર કે પિસ્તોલ-કારતૂસ કયાંથી લાવ્યો હતો અને તેમાં તેને કોણે કોણે મદદગારી કરી તે સહિતના મુદ્દાઓની તપાસ આરંભી છે. પોલીસની તપાસમાં સામે આવ્યું હતું કે, ગત ઓગસ્ટ-૨૦૧૮માં ડો.પ્રજાપતિની હોસ્પિટલમાં આરોપી વિપુલ વ્યાસની પત્ની રૂપલબહેનની ડિલીવરી માટે દાખલ કરાઈ હતી. સોનોગ્રાફી બાદ રૂપલબહેનનું સીઝેરીયન ઓપરેશન કરાયુ હતુ.

# સાબરકાંઠા જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં ભાજપ-કોંગ્રેસ ભાઈભાઈ

## વિકાસકામો અંગે રોષ વ્યક્ત કરી દોષનો ટોપલો અધિકારીઓના માથે : સત્તાધારી પક્ષમાં જુથવાદને લઈને સભ્યોમાં નારાજગી

હિંમતનગર, તા. ૨૨

સાબરકાંઠા જિલ્લા પંચાયતની સોમવારે મળેલી સામાન્ય સભામાં એજન્ડામાં રજુ કરાયેલા આઠ કામોને સત્તાધારી પક્ષ કોંગ્રેસ અને વિરોધ પક્ષ ભાજપે કોઈપણ જાતની ચર્ચા કર્યા વિના સર્વાનુમતે મંજુરી આપી દીધી હતી. જોકે શિક્ષણ અંગે પુછાયેલા એક પ્રશ્નના જિલ્લા શિક્ષણાધિકારીએ આપેલા જવાબ બાદ કેટલાક સભ્યોની અજ્ઞાનતા દેખાઈ આવી હતી. તેમ છતાં સામાન્ય સભામાં બે વર્ષ અગાઉ મંજુર કરોયલા વિકાસ કામો અંગે ચડભડ થવા પામી હતી.

આ અંગેની વિગત એવી છે કે સોમવારે બપોરે એક વાગ્યે મળેલી સામાન્યસભામાં એજન્ડાની કામગીરી શરૂ કરતા અગાઉ ગત તા. ૪-૭-૨૦૧૯ના રોજ કરેલા ઠરાવો અને તા. ૨૧-૯-૧૯ની સામાન્ય સભામાં ઠરાવોની અમલવારી કરવા માટે તેને વંચાણે લેવામાં આવી હતી. જે તમામ સભ્યોએ મંજુરીની મહોર મારી દીધી હતી. ત્યારબાદ સામાન્ય સભામાં કામ નં. ૭માં દરખાસ્ત કરાયેલ પ્રમુખના વિસ્તારમાં રૂ. ૧૫ લાખના વિકાસકામો મંજુર કરવાની તમામ સભ્યોએ સહમતી આપી હતી.

તો બીજી તરફ જિલા પંચાયતના સભ્યોને રાજ્ય બહાર પ્રેરણા પ્રવાસે લઈ જવા માટે સામાન્ય સભાની મંજુરીની અપેક્ષાએ એજન્ડામાં સમાવેસ કરાયેલા આ કામને ભાજપ અને કોંગ્રેસના સભ્યોની કોઈપણ જાતના વાંધા વચકા વગર મંજુર કરી દેતા કેટલાક સભ્યો એવું કહેતા હતા કે આ વખતની સામાન્ય સભામાં ભાજપ-કોંગ્રેસ ભાઈભાઈ બની ગઈ છે. જોકે ચૂંટાયેલા સદસ્ય અભેસિંહ ઝાલાએ પ્રાથમિક શાળાઓમાં એસ.એમ.સી.ની કમેટી અંગે પુછેલા પ્રશ્ન બાદ જિલ્લા શિક્ષણાધિકારીએ આપેલા જવાબ બાદ કેટલાક સભ્યોએ ઉભી કરેલી દલીલો પરથી તેમની અજ્ઞાનતા છતી થઈ હતી.

આ સામાન્ય સભામાં વિકાસ કામો અંગે અગાઉના બે બજેટમાં સુચવાયેલા કામો અંગે કોઈ જવાબ ન મળતા ખુદ સત્તાધારી કોંગ્રેસના સદસ્યોએ જિલ્લા પંચાયત પ્રમુખની કાર્યરીતી અંગે ભારોભાર અસંતોષ બતાવીને સામાન્ય સભાની કામગીરી પુરી થાય તેની અંતિમ ક્ષણોમાં તેઓ નીકળી ગયા હતા. આ સામાન્ય સભામાં ચૂંટાયેલા સદસ્યોએ કોઈપણ જાતના સરકારના નિયમોની પરવા કર્યા વિના સભ્યોનો પક્ષ લઈને વિકાસકામો ઝડપથી ન થતા હોવાના આક્ષેપો સાથે દોષનો ટોપલો અધિકારીઓના શિરે થોપી દીધો હતો.

**વિરોધપક્ષના નેતા શુ કહે છે**

જિલ્લા પંચાયતની સામાન્ય સભામાં એજન્ડાની કામગીરી અંગે થયેલી ચર્ચા બાદ વિરોધપક્ષના નેતા મહેન્દ્રસિંહ રહેવરે જણાવ્યું હતું કે જ્યારે વિકાસકામોની ચર્ચા થતી હોય ત્યારે ભલે અમે વિરોધપક્ષમાં બેઠા છીએ પરંતુ વિકાસકામોની વાત આવે ત્યારે માનવતા ખાતર પણ તેનો વિરોધ કરી હવનમાં હાંડકા નાંખવાની અમે માનસિકતા ધરાવતા નથી.

# હિન્દુ સમાજ પાર્ટીના પ્રમુખની હત્યા માટેનું કાવતરૂ ઘડાયું હતું

અમદાવાદ, તા.૨૨

હિન્દુ સમાજ પાર્ટીના રાષ્ટ્રીય પ્રમુખ કમલેશ તિવારી હત્યાકાંડમાં વધુ એક નવો ખુલાસો સામે આવ્યો છે. ફરાર આરોપી અશફાક અને અન્ય આરોપીઓએ કમલેશ તિવારીની સાથે હિન્દુ સમાજ પાર્ટીના ઉત્તર પ્રદેશના અધ્યક્ષ ગૌરવ ગોસ્વામીની પણ હત્યા કરવાનું ખતરનાક ષડયંત્ર રચ્યુ હતું. સુરતથી લખનઉ જતા સમયે અશફાક અને અન્ય આરોપીઓએ હિન્દુ સમાજ પાર્ટીના ઉતર પ્રદેશના અધ્યક્ષ ગૌરવ ગોસ્વામીને ફોન કરી કાર્યાલય પર આવવા માટે જીદ કરી હતી. જો કે, કામ વધુ હોવાના કારણે ગૌરવે મનાઈ ફરમાવી દીધી હતી. જેથી તેનો જીવ બચી ગયો હતો. ગૌરવે પણ આ ઘટનાની ખરાઈ કરી છે. બીજીબાજુ, તપાસનીશ એજન્સીએ આ ચકચારભર્યા હત્યા પ્રકરણમાં આરોપી મૌલવી સૈય્યદ કૈફી અલીની ધરપકડ કરી લીધી છે. તો, સુરત પોલીસની એક ટીમ વધુ તપાસ અર્થે લખનૌ રવાના થઈ છે. તો સ્થાનિક પોલીસે વધુ એક વખત સુરતના ધરતી ફરસાણ કે જયાંથી આરોપીઓએ મીઠાઈ ખરીદી હતી અને તે બોક્સ ગુનામાં ઉપયોગમાં લેવાયેલ હથિયાર મૂકવા માટે વપરાયુ હતુ તે ધરતી ફરસાણ પર આજે વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસે ધરતી ફરસાણના સીસીટીવી ફુટેજીસ વધુ એક વાર ચેક કર્યા હતા અને તપાસનો દોર આગળ ધપાવ્યો હતો. હિન્દુ સમાજ પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ કમલેશ તિવારીની હત્યા કરનાર અશફાક હુસેન શેખે રોહિત સોલંકીના નામે નકલી દસ્તાવેજ બનાવી સોશિયલ મીડિયા દ્વારા કમલેશનો સંપર્ક કર્યો હતો. જય શ્રીરામના સૂત્રોચ્ચાર કરી કમલેશનો ભરોસો જીત્યો હતો. કમલેશ અને પક્ષના ગુજરાતના પ્રમુખ જૈમિન બાપુએ તેને સુરતમાં આઈટી સેલનો વડો બનાવ્યો હતો. હિંદુ સમાજ પાર્ટીના લેટર પેડમાં અશફાકનો ફોટો પણ જોવા મળ્યો છે. આ ચોંકાવનારી હકીકતો બહાર આવતા અશફાક કમલેશ તિવારીની પાર્ટીમાં હિંદુ બનીને કેવી રીતે જોડાયો તેના પર અનેક સવાલો ઊભા થયા છે. કમલેશ તિવારીની પાર્ટીના લેટરપેડમાં અશફાકની જેણે નિમણુંક કરી છે તે લેટરમાં પાર્ટીના ગુજરાતના અધ્યક્ષ જૈમીન દવે(બાપુ)ની પણ સહી છે. જૈમીનની પત્ની ચાંદનીએ જણાવ્યું હતું કે, જે દિવસે અશફાક સુરતથી લખનઉ જવા નીકળ્યો ત્યારે ફોન કરી જૈમીનને કહ્યું હતું કે, તે કમલેશ તિવારીને મળવા જઈ રહ્યા છે. તા.૨૦ ઓક્ટોબરના રોજ થનાર અધિવેશનમાં ભાગ લઈ પરત ફરશે. આરોપી અશફાકે ૫૦ હજાર રૂપિયા પાર્ટી ફંડમાં આપવાની લાલચ જૈમિન અને કમલેશ તિવારીને આપી હતી.



**ઇસ્કોન મોડાસા દ્વારા દામોદર માસમાં મંદિરથી લઇ ભક્તોના ઘરે ઘરે દિપ ઉત્સવની ઉજવણી**

હિન્દુ ધર્મમાં વૈષ્ણવ સંપ્રદાયમાં દામોદર માસનું દીપડાનું અનેરૂ મહત્ત્વ છે. આ માસમાં નટખટ બાલ કૃષ્ને માતા જશોદા પ્રેમરૂપી રસીથી બાંધે છે એવી કથા ભાગવતમાં અને સ્કંદ પુરાણમાં તો કહેવામાં આવ્યું છે. સંસારના ત્રણેય લોકમાં એવા કોઈ પાપ નથી કે જે કાર્તિક માસમાં ભગવાન કૃષ્ણની દીપ અર્પણ કરવાથી નષ્ટ ન થાય. મોડાસા ઈસ્કોનના પ્રભુ મનુભિસટમદાસ દ્વારા જણાવ્યું કે ઈસ્કોન મંદિરના ભક્તો દ્વારા નામદાર માસમાં ભક્તોના ઘરે ઘરે સમૂહ કીર્તન ભગવાન તથા મહાપ્રસાદ દીપદાનના કાર્યક્રમો કરી ભગવાનનો પ્રચાર પ્રસાર કરવામાં આવે છે. મહિનામાં ભગવાન ભક્તોના પાપ નષ્ટ કરે છે.